

## શાસ્ત્રી સ્વામી

# શ્રી હરિકેશવદાસજીના દીક્ષા ગ્રહણની ષષ્ઠીપૂર્તિ

### અમૃતવર્ષા મહોત્સવ

આલેખન : સંજય થોરાત 'સ્વજન'
સંકલન : ભાવિન પટેલ 'પનઘટ'

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સેક્ટર-૨૩ના સ્વામિનારાયણ મંદિરના સૌના હૃદયસ્થ 'ગુરુજી' શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીની દીક્ષાને ૬૦ વર્ષ પૂર્ણ થયાના અવસરે યોજાઈ રહેલા 'અમૃતાવર્ષા મહોત્સવ'માં જીવનમાં ભક્તિ, સત્સંગ, સેવા, સંપ, સદ્ભાવના વધે એવા પ્રેરણદાયી કાર્યક્રમ સાથે દર્શનીય, જાણવા, માણવા, નિહાળવા જેવું 'અમૃતવર્ષા પ્રદર્શનમ્' ભક્તો દ્વારા તૈયાર કરી ગુરુદક્ષિણા તરીકે ભેટ આપ્યું છે.



સ્વામિનારાયણ સાંપ્રદાયના ગાંધીનગરના પ્રથમ મંદિરની ઈંટ આજથી બરોબર ૪૧ વર્ષ પૂર્વે મૂકાઈ હતી. ત્યારથી લઈ આજદિન સુધી ધર્મનો ભગવો વાવટો ફરકતો રાખી સત્સંગ - કથા - વાર્તા - કિર્તન - જ્ઞાન - સમાજસેવા - સાહિત્ય સાથે સંત પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજી સતત કાર્યરત છે. ૮૩ વર્ષની ઉંમરે પહોંચેલા આ સદ્ગુણી સંતને ગાંધીનગરમાં મંદિરની સ્થાપનાનો વિચાર આવેલો અને એમણે શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ આચાર્ય તેજેન્દ્રપ્રસાદ મહારાજ સમક્ષ મૂકયો અનો ભગવાનના આશીર્વાદ મળતા સેકટર-૨૩નું હરિમંદિર આવિષ્કાર પામ્યું !

આ વખતે ઉજવાઈ રહેલા 'અમૃતવર્ષા મહોત્સવ'નું મુખ્ય પ્રયોજન એટલે 'ગુરુજી' ને દીક્ષા લીધે ૬૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. ૬૦ વર્ષ પૂર્વે પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશદાસજીએ કાલુપુર મંદિર ખાતે સંત દીક્ષા લીધીહતી. વીસ વર્ષ સુધી કાલુપુર મંદિરના સેવાકાળ દરમિયાન સંસ્કૃતમાં પ્રખર તેજસ્વી બન્યા હતા. એમની વાણીની મિઠાશ અને સ્વભાવની સરળતાને કારણે એમની જ્ઞાનસરિતાનો પ્રવાહ માત્ર દેશમાં જ ટકી ન રહેતા અમેરિકા, આફ્રિકા, ઈંગ્લેન્ડ, સ્વિડન, નોર્વે, કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનિયા જેવા દેશોમાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને વિદેશાગમન કરાવ્યું છે.

યુવાનો પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા ગુરુજીના વિચારો અત્યંત આધુનિક અને ટેકનોસેવી છે. યુવક મંડળના યુવાનોની આંતરિક શક્તિ ખિલવવા સાથે નિર્વ્યસની રહે તે માટે વિશેષ કાળજી લે છે... ટેકનોલોજીનો ઉપયોગ કરતાં એમનાં યુવાનોએ www.hkshastri.org નામની વેબસાઈટ ડૅવલપ કરી મંદિરની પ્રવૃત્તિઓને વિશ્વ ફલક પર વહેતી કરી છે !

સંસારની મોહમાયામાં લપેટાઈને વ્યસ્ત અને ત્રસ્ત રહેતા મનુષ્યોને બે ઘડી દિલને ઠંડક થાય અને ઉત્સાહની બેટરી ફરી રિચાર્જ થઈ જાય એવું આ મંદિર અને ગુરુજી બંને આસ્થા અને શ્રદ્ધા જાળવવામાં પાર ઉતર્યા છે. આ ગુરુજીની પ્રેરણાથી બાલસભા, યુવક સભા, બહેનોની સભા, સમૂહ પૂજા, શ્રાવણ સત્સંગ, વિવિધ તહેવારો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ નિઃસ્વાર્થ ભાવે ધમધમી રહી છે...

સાહિત્ય અને જ્ઞાનનો લાભ માત્ર સાંપ્રદાયના લોકોને જ નથી મળ્યો પરંતુ દિલ્હી ખાતો યોજાયેલી ધર્મસભામાં પણ ગુરુજી એમની અમિટ છાપ છોડી આવ્યા હતા. એમની વાણી અને જ્ઞાનથી પ્રભાવિત વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી અને રાષ્ટ્રપતિ ગુલઝારીલાલ નંદાએ ગુરુજીને એમના ઘરે આમંત્રિત કર્યા હતા.

સેક્ટર-૨૩ના સ્વામિનારાયણ મંદિરના પ્રવેશદ્વાર પાસે આવેલા હનુમાનજીનું મંદિર અને એની શનિવારની આરતીમાં ભક્તજનો ભીડ જમાવે છે. કષ્ટભંજન દેવ સૌની ભીડ ભાંગે છે એવી લોકવાયકા અને ચમત્કારના અનુભવ અનેક ભક્તોને થયા છે.

પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીના આ અમૃત વર્ષા મહોત્સવની શરુઆત આમ તો વર્ષ પહેલાં જ શરૂ થઈ છે. હજારો હરિભક્તોએ માળા-કિર્તન-જનમંગલ સ્ત્રોત પાઠ - ભવસંભવ - વચનામૃત પારાયણ - ધુન્ય વગેરે અવિરત પણે ચલાવ્યું છે... આ મહોત્સવના અનુસંધાને વિવિધ સમાજસેવાના કાર્યો થયા છે. આશરે નવ હજાર વિદ્યાર્થીઓને ચોપડા - પેન્સિલ - પેન - ફળ આપીને તો વિવિધ હોસ્પિટલ, પાંજરા પોળ, વિશિષ્ટ બાળકોની શાળા વગેરેમાં વિવિધ સેવાકીય સહાય પુરી પાડી છે...


દીક્ષા ગ્રહણની ષષ્ટીપૂર્તિ નિમિત્તે ભક્તોએ ગુરુ દક્ષિણા તરીકે જાતે તૈયાર કરેલા 'અમૃતવર્ષા પ્રદર્શનમ્' થી જાણવા, માણવા, જોવાલાયક, દર્શનીય, પ્રેરણાદાયી, આકર્ષક, કલા, ભક્તિ, જ્ઞાન-વિજ્ઞાનના સમન્વયના પ્રદર્શનથી ગુરુજીની ઝોળી ભરી દીધી છે. ક્વૉન્ટિટીને બદલે ક્વૉલિટીમાં માનતા ગુરુજી વાસ્તવિકતા સ્વીકારતા કહે છે કે, 'ભગવાન સ્વામિનારાયણ સૌનું ભલું કરશે.'

## દીક્ષાનું ધ્યેય...



પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીએ આજથી બરાબર ૬૦ વર્ષ પૂર્વે અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે ગૃહત્યાગ કરીને સંતની દીક્ષા લીધી હતી. શ્રી નરનારાયણદેવ પિઠાધિપતિ આચાર્ય દેવેન્દ્રપ્રસાદે એમને દીક્ષા આપી હતી. કાલુપુર સેવાકાળ દરમિયાન સંસ્કૃતના પ્રકાંડ પંડિત જેટલું જ્ઞાન મેળવ્યું હતું. તેઓ વેદાંતાચાર્ય, વેદાંતતીર્થ, સાહિત્યરત્ન અને સાહિત્ય શાસ્ત્રીની યોગ્યતાઓ મેળવી હતી. એમણે કથા સત્સંગ અને સાહિત્ય સર્જનનો સંકલ્પ કર્યો હતો અને આજે પણ એ અવિરત પણે ચાલે જ છે.


## મંદિરનું મહાત્મ્ય...



ગુરુજીએ સ્વયં વિશ્વકર્મા બનીને આ મંદિરનું ડિઝાઈનીંગ અને પ્લાનિંગ કર્યુ છે. કોઈ પણ જાતના ફંડફાળા માટે ઝોળી ફેલાવ્યા વગર શરુ કરેલું કાર્ય દૈવી ચમત્કારની જેમ માત્ર ત્રણ જ વર્ષમાં પરિપૂર્ણ થયું. કાષ્ઠના કલાત્મક સિંહાસનમાં ભગવાન સ્વામિનારાયણ બિરાજમાન થયા. આ મંદિરમાં સમગ્ર વર્ષ દરમિયાન ધાર્મિક કાર્યક્રમ થાય છે. શનિવારની હનુમાનજીની આરતી છલોછલ હોય છે. સાદાઈ અને સ્વચ્છતા મંદિરના આભૂષણ છે. સાંસ્કૃતિક કાર્યક્રમો પણ માત્ર હરિભક્તો દ્વારા થાય છે. આ મંદિર અને ભક્તોની એક વિશેષતા છે કે બધું કાર્ય અને કાર્યક્રમ જાતે કરવાના કોઈ જ વસ્તુ કે સેવા પેઈડ નહીં અને એટલે એમાંથી આત્મિયતાની સુગંધ પ્રસરે છે...

## ધાર્મિક સાહિત્યકાર...

ગુરુજીની અસ્ખલિત વાણીને કાગળ પર ઉતારી પુસ્તકનું સ્વરુપ આપવાનું ભગીરથ કાર્ય પૂ. શાસ્ત્રી હરિપ્રિયદાસજીએ કર્યું છે. અત્યાર સુધી એમના ૫૧ પુસ્તકો પ્રકાશીત થઈ ચૂકયા છે. 'ગીતા' જેવો ભારેખમ ગ્રંથ જેને વાંચવો - પચાવવો - સમજવો અઘરો છે એને એકદમ સરળ ભાષામાં આલેખીને રસપ્રદ રીતે વંચાતો કર્યો છે. સંસારના જટીલ પ્રશ્નોને સરળ ઉકેલ આપતું પુસ્તક 'વિદૂરનીતિ' પણ વધુ વંચાતા પુસ્તકમાં સ્થાન પામ્યું છે. ધાર્મિક સાહિત્ય ક્ષેત્રે ગુરુજીનું સિમાચિહ્ન એટલે 'શિક્ષાપત્રી ભાષ્ય વિવેચન' જેની ૫૦,૦૦૦ કૉપી માત્ર ગુજરાતી થઈ છે, એ સિવાય હિન્દી-અંગ્રેજી અનુવાદિત કૉપી તો લટકાની... નિયમિત લેખકો જયારે બે-ચાર પુસ્તકમાં થાકી જાય છે, ત્યારે ૫૧ પુસ્તકોના લેખક-સાહિત્યકાર તરીકે સંપ્રદાયમાં ગુરુજી એક આગવી છાપ ધરાવે છે.



**ધાર્મિક કથાકાર...**

સમાજ સુખી રહે તે માટે અને પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામ અંકિત થાય એ માટે સતત કથા-વાર્તા-સાહિત્ય ગોષ્ઠિ કરતા રહે છે. ૭૦૦ થી વધુ પારાયણો કરી ચૂકેલા ગુરુજીની ૩૦ થી વધુ સીડીમાં અવાજ રેકોર્ડ થયો છે. રોજબરોજની વાતોમાં બોધકથા સંભળાવી સુખી સંસાર જીવવાની ટીપ્સ બહુ સહજભાવે આપે છે. એમનું ગીતા આખ્યાન અને વિદૂરનીતિ પરનું પ્રવચન જ્ઞાનથી છલોછલ અને સહજ શ્રવણીય છે.



**ગુરૂ-શિષ્યની જુગલબંદી...**

ગુરૂજીના પરમ શિષ્ય અને સંત શાસ્ત્રી હરિપ્રિયદાસ એટલે ગુરૂજીનો પડછાયો, ગુરૂજીની ઈચ્છા અને આજ્ઞા બન્નેને જાણીને એ પ્રમાણે વર્તન કરવાનું એજ એમનો ધર્મ. ગુરૂજી પાસે જતા અમુક ભક્તોને સંકોચ થાય ત્યારે એમના પ્રશ્નો સાંભળી, ગુરૂજી પાસેથી એનો હલ મેળવી આપે. હરિસ્વામી તરીકે પ્રખ્યાત આ સંતે માત્ર ગુરૂ ભક્તિ માટે પોતાની જાત સમર્પણ કરી દીધી. ગુરૂજીની કથાનું રેકોર્ડિંગ કે પુસ્તક, ભોજન કે ઔષધ બધું જ શિષ્ય પડતો બોલ ઉઠાવીને કરે છે.